**ફોજદારી કેસ નંબર : ૭૩૦૦/૨૦૦૩**

**::: આંક : ૦૧ લગત હુકમ :::**

સદર કામ તારીખ : ૦૨/૦૯/૨૦૦૩ ના રોજ દાખલ થયેલ છે. હાલનુ કામ અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થઈને આવતા હાલના કામે આરોપી નં. ૪,૫ ના વ.શ્રી હાજર છે. આરોપી નં. ૧ થી ૩નાઓને નોટીસ કાઢેલ જે નોટીસ વગર બજે આંક–૪૦ થી પરત આવેલ છે. આમ સદરહુ કામ આરોપી નં. ૧ થી ૩ નાઓના સરનામા ઉપર ચાલે છે ત્યારબાદ વખતોવખતની મુદતો આપેલ હોવા છતા ફરીયાદપક્ષ દવારા આરોપી નં. ૧ થી ૩ નાઓનુ નવુ સરનામુ રજુ કરી શકેલ નથી કે હાલના કામે ફરીયાદી ખુદ હાજર રહેલ નથી. આમ ફરીયાદપક્ષ દવારા આરોપીઓનુ નવુ સરનામુ રજુ રાખવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી કેસની કાર્યવાહી આરોપીની ગેરહાજરીના કારણે આગળ ચાલી શકે તેમ નથી. અત્રેની કોર્ટ દવારા ફરીયાદપક્ષનુ હાલનુ કામ ઘણી મુદતોથી ન્યાયના હિતમાં મુદતો આપેલ છે પરંતુ ફરીયાદપક્ષ દવારા આરોપીનુ નવુ સરનામુ રજુ કરી શકેલ નથી. જેથી ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી સદર કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોઈ તેમ જણાય છે. હાલનો કેસ નેગોશીએબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો જે કેસ સી.આર.પી.સી.ની કલમ–૨૫૧ થી કલમ–૨૫૯ મુજબ સમન્સ ટ્રાયેબલ ચલાવવામાં આવે છે અને તેમાં સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ માં ફરીયાદી પોતે કોર્ટની કાર્યવાહી દરમ્યાન હાજર ન રહે તો તેમની ગેરહાજરી તથા આરોપીનુ નવુ સરનામુ રજુ કરી શકેલ ન હોવા બદલ યોગ્ય તે કાર્યવાહી કરી શકે તેવી જોગવાઈ કરવામાં આવેલી છે. જેથી હવે તેઓને વધુ તક આપવી ન્યાયોચીત જણાતી નથી જેથી સી.આર.પી.સી.ની કલમ ૨૫૬ અન્વયે સદરહું ફરીયાદ ફરીયાદીની બેદરકારી અને ગેહાજરી તથા આરોપીનુ નવુ સરનામુ રજુ ન કરી શકવાના કારણસર આગળ ચલાવવી યોગ્ય જણાતી ન હોઈ જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

ફરીયાદીની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ–૨૫૬ અન્વયે ફરીયાદીની ગેરહાજરી અને બેદરકારીનાં કારણસર આજરોજ સ્પેશ્યલ સીટીંગમાં ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નાં ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૦મી, માંહે : ફેબ્રુઆરી, સને : ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૦/૦૨/૨૦૧૮.
સ્થળ : રાજકોટ

**(બરકતખાન એચ. ઘાસુરા)**
૧૧માં એડી. ચીફ જયુડી. મેજી., રાજકોટ.
**U.I.C. NO. GJ00983**